| રજુ તારીખ : | ૧૮ | ૦૫ | ૨૦૨૪ |
| --- | --- | --- | --- |
| દાખલ તારીખ : | ૧૮ | ૦૫ | ૨૦૨૪ |
| ફેસલ તારીખ : | ૧૪ | ૦૫ | ૨૦૨૫ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૦૦ | ૧૧ | ૨૭ |

**જુનાગઢના મહે. વર્કમેન કોમ્પેન્સેશન કમિશ્નરશ્રી સમક્ષ,**

**વ.કો.(નોન ફેટલ)અરજી નં.૦૫/૨૦૨૪**

**આંક:–૫૦**

**અરજદાર :–** ભરતભાઈ હિંમતભાઈ ટાંક,
ઉ.વ.આ.–પુખ્ત, ધંધો: મજુરી,
રહે. મધુરમ સોસાયટી, ટીંબાવાડી–જુનાગઢ.

**વિરૂધ્ધ**

**સામાવાળાઓ :–** **બસ નં. જીજે ૧૪–ટી–૪૪૯ ના**

**(૧)** માલીક:– હિનાબેન વિરેન્દ્રભાઈ કરાણીયા,
ઉ.વ.–પુખ્ત, ધંધો–બસનો,
રહે. જોષીપુરા, ઠે.હનુમાનપરા,
જોષીપુરા–જુનાગઢ.

**(૨)** વીમા કું:– ધી ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કું. લી.,
ઠે. મંગલ મુર્તિ, કાળવા ચોક, જુનાગઢ.

**બાબત:** વર્કમેન કોમ્પનસેશન એકટ મુજબ વળતર મેળવવા અરજી.

અરજદાર તરફે : વિ.વ.શ્રી આર. એમ. મકવાણા

સામાવાળા નં.૧ તરફે : વિ.વ.શ્રી કે. આર. વાજા

સામાવાળા નં.૨ તરફે : વિ.વ.શ્રી પી. એમ. હીરપરા

**– : : ચૂકાદો : : –**

**(૧)** અરજદારે હાલની અરજી કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ વળતર મેળવવા ઉપર કરેલ છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં સામાવાળા નં.૧ ની માલીકી ના વાહન નં.બસ નં.જીજે–૧૪–ટી–૪૪૯ ના માં ડ્રાઈવર તરીકે માસીક રૂા.૪,૫૦૦/– તથા અન્ય ભથ્થા અલગના ધોરણે નોકરી કરતા હતા આમ અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે ડ્રાઈવર માલીકના સંબધો હતા અને સામાવાળા નં.૨ ના સદરહુ વાહન બસ નં.જીજે–૧૪–ટી–૪૪૯ નો પોલીસી

નંબર–૨૦૧૦/૩૩૧૯ તા.૨૦/૧૧/૨૦૦૯ થી વિમા ઉતારનાર વિમા કંપની છે. વધુમાં તા.૩૦/૪/૨૦૧૦ નારોજ અરજદાર સામાવાળા નં.૧ ની માલીકી ના વાહન બસ નં.જીજે–૧૪–ટી–૪૪૯ ની ને સામાવાળાની સુચનાથી ચલાવીને અજમેર–જયપુર (રાજસ્થાન) રોડ ઉપર જતા હતા દરમ્યાન બસ નં.જીજે–૧૪–ટી–૪૪૯ અને બસ નં. આર.જે.૧૪–૧જી–૫૧૮૫ સાથે અકસ્માતે ભટકાઈ જતા તેઓને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ છે. જેમા મુખ્યત્વે પગમાં ફ્રેકચરની ઈજા થયેલી છે. પ્રથમ તેઓને ગર્વમેન્ટ વાય.એન.હોસ્પીટલ કિશનગઢ(રાજસ્થાન) દવાખાને સારવાર આપવામાં આવેલી ત્યારબાદ વધુ સારવાર સરકારી દવાખાના જુનાગઢ દવાખાને આપવામાં આવેલી ઈજાવાળી જગ્યાએ ઓપરેશન કરી સળીયા ફ્રીટ કરેલ. અકસ્માત ઈજાને કારણે તેઓને શારીરીક ખોડ રહી જવા પામેલ છે આથી ભવિષ્યમાં ચલાવવાનુ કામકાજ કરી શકીશું નહી આથી ભવિષ્યમાં આવકની નુકશાની થયેલ હોય વળતર માંગવા હકકદાર થયેલ છે. વધુમાં અરજદારને અકસ્માતની થયેલ ઈજાને કારણે રહી જવા પામેલ કાયમી પ્રકારની ખોડના કારણે તેઓ ભવિષ્યમાં ડ્રાઈવીંગ કરી શકે તેમ નથી સદરહુ અકસ્માતની જાણ સામાવાળાઓને જે તે વખતે હતી જ આમ છતા હજુ સુધી વળતર ચુકવવામાં આવેલ નથી જેથી અરજદાર સામાવાળાઓ પાસેથી વર્કમેન કોમ્પે.એકટની શેડયુલ મુજબ રૂા.૧૦,૦૦,૦૦૦/– વળતર મેળવવા હકકદાર થયેલ છે. આ પર્યત સામાવાળાઓએ કોઈ રકમ ચુકવેલ નથી જેથી અરજદાર સામાવાળાઓ પાસેથી સદરહુ વળતર ઉપર ૫૦% પેનલ્ટી વસુલ મેળવવા હકકદાર થયેલ છે. તેમજ મુળ અરજીમાં જણાવ્યા પ્રમાણેના અરજદાર તથા સામાવાળાઓ જુનાગઢમાં રહેતા હોય જેથી સદરહુ અરજી નામદાર સાહેબની હકુમતમાં આવતી હોય જેથી આ અરજી ચલાવવા નામદાર સાહેબને હકક અને અધિકાર હોય જેથી હકુમતનો પ્રશ્ન રહેતો નથી તેમજ સદરહુ આ કામના સામાવાળાઓને તા.૨૨/૨/૨૦૨૩ નારોજ રજી.એડી. થી વળતરની રકમ ચુકવી આપવા અંગે નોટીસ મોકલેલ હોય જેનો આજદિન સુધી પણ સામાવાળાઓએ પ્રત્યુતર આપેલ ન હોય જેથી પણ સદરહુ દાવાનો (અરજી) કારણ સતત રીતે ઉત્પન્ન થયેલ છે. વધુમાં અકસ્માત તા.૩૦/૪/૨૦૧૦ નારોજ બનેલ છે આ અરજી ઉપર કાયદેસર થતી કોર્ટ ફી સ્ટેમ્પ રૂા..... આ સાથે રજુ

છે તેમજ સામાવાળાને આપવાની નકલો, દસ્તાવેજી પુરાવા લીસ્ટ, એડ્રેસમેમો, વકીલપત્ર વગેરેના આ સાથે રજુ છે. ઉપરોકત વિગતે અરજ કરેલ છે કે, અરજદારને અકસ્માતમાં થયેલ ઈજાની વળતરના રૂા.૧૦,૦૦,૦૦૦/– તથા સદરહુ રકમ ઉપર ૫૦% પેનલ્ટીની રકમ સામાવાળાઓ પાસેથી વસુલ અપાવવા તથા ઉપરોકત વળતરની રકમ ઉપર વસુલ થતા સુધી ૧૮% લેખે વ્યાજ અપાવવા તેમજ આ અરજીનુ તમામ ખર્ચ તથા અન્ય મળી શકતી તમામ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) સામાવાળા નં.૧ તેમના વકીલ મારફતે હાજર થયેલ હોવા છતા કોઈ રીપોર્ટ કે રજુઆત ન હોય સામાવાળા નં.૧ નો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૩) સામાવાળા નં.ર ને ધોરણસરની નોટીસ બજી જતા આંક–૧૩ થી વાંધા જવાબ રજુ કરેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,અરજદારનો દાવો કાયદેસર યોગ્ય અને બોનાફાઈડ ન હોય તેથી તે રદ થવા પાત્ર છે. વધુમાં અરજીમાં કરાયેલા નિવેદનો અને આક્ષેપો કે જે જવાબમાં સ્વીકારવામાં આવેલ નથી તેનો ઈન્કાર કરેલ છે. વધુમાં આ લેખીત નિવેદનમાં ઉઠાવવામાં આવેલી કોઈપણ દલીલોને પુર્વગ્રહ વિના અને કોઈપણ પ્રકારની જવાબદાર સ્વીકાર્યા વિના તે રજુઆત કરેલ છે કે, અરજદાર ઉપરોકત વાહનનો ડ્રાઈવર અકસ્માત સમયે માન્ય અને અસરકારક ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતો ન હતા અને તે આવુ ડ્રાઈવીંગ લાયસન્સ રાખવા કે મેળવવા માટે લાયક ન હતા. સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ–૧૯૮૯ ના રૂલ્સ ૩ મુજબના નિયમોનુ પાલન કરેલ નથી. વધુમાં વાહનના માલીકે વાહનનો કબજો ડ્રાઈવરને સોંપી આપેલ હોય, તેથી એમ.વી. એકટની જોગવાઈઓનુ ઉલ્લંઘન કરેલ છે. વધુમાં અકસ્માતના દિવસે ઉપરોકત વાહન ચલાવવા માટે કોઈ કાયદેસર અને માન્ય પરમીટ ન હતી અને તેથી પોલીસીની શરતનો ભંગ થયેલ છે અને તેથી વિમા કંપની વળતર ચુકવવા માટે જવાબદાર થતી નથી. વધુમાં રોડ/રૂટની પરમીટ, ડ્રાઈવીંગ લાયસન્સ, ફીટનેસ સર્ટીફીકેટ, નોંધણી દસ્તાવેજો વગેરેને રજુ કરી અને આ કેસમાં સાબીત કરવા માટે હુકમ કરવામાં આવે અને જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો એવુ માનવામાં આવશે કે પોલીસીની શરતોનો ભંગ કરેલ છે. જેથી ભવિષ્યમાં જો કાંઈ હોય તો એમ.વી એકટની કલમ–૧૪૯(૨) મુજબ સામાવાળા વળતરની આપવામાં આવેલી રકમની ભરપાઈ કરવા જવાબદાર નથી. વધુમાં ઉપર

ઉઠાવવામાં આવેલી કોઈપણ મુદાઓને પુર્વગ્રહ વિના અને કોઈપણ પ્રકારની જવાબદાર સ્વીકાર્યા વિના અરજી પારા–૧ થી ૪ ની હકીકત ખરી ન હોય, ઈન્કાર કરેલ છે. વધુમાં એ વાતનો ઈન્કાર કરેલ છે કે અકસ્માત સમયે અરજદાર બસ નં.જીજે.૧૪. ટી.૪૪૯ ના રૂા.૮,૦૦૦/– ના પગારથી ડ્રાઈવર હતા તથા અકસ્માત સમયે અરજદાર તથા સામાવાળા નં.૧ વચ્ચે કામદાર માલીકના સબંધો હતા. વધુમાં હાલનો અકસ્માત બનાવ અરજદારના સામાવાળા નં.૧ ની ફરજ દરમ્યાન બનેલાનો ઈન્કાર કરેલ છે. વધુમાં અરજદારની ઉંમર, આવક, પરીણામે કાયમી ખોડ, અકસ્માતનો સમય, સ્થળ અને તારીખ, વાહનના ડ્રાઈવર, માલીક, વીમા કંપનીનુ નામ સરનામુ વગેરે હકીકતનો ઈન્કાર કરેલ છે અરજદારે તે હકીકતો પુરાવાથી પુરવાર કરવી જોઈએ.વધુમાં તા.૩૦/૪/૧૦ ના અકસ્માત સમયે અરજદાર ડ્રાઈવર તરીકે માસીક રૂા.૪,૫૦૦/– થી ફરજ બજાવતા હોવાનો તથા અરજદાર અને સામા.નં.૧ વચ્ચે નોકર માલીકના સબંધો હોવાનો તથા અરજદારની નોકરીના સમય દરમ્યાન અકસ્માત થયેલ હોવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં અરજદાર પાસે હાલની અરજી કરવાનુ કોઈ કોઝ ઓફ એકશન નથી. વધુમાં સામાવાળા નં.૧ ધ્વારા આ અકસ્માત અંગે કયારેય તેઓને જાણ કરેલ નથી તથા કેસના સંજોગો જોતા અરજદાર તથા સામાવાળા નં.૧ ના મીલાપીપણામાં હાલનો કેસ દાખલ કરેલ હોય તેવુ જણાઈ છે તથા સામાવાળા નં.૧ ધ્વારા અરજી લગત દસ્તાવેજો જેવા કે વેતન રેકર્ડ, મસ્ટર રોલ, વાઉચરો, પહોચો તથા હીસાબી ચોપડાઓ રજુ કરેલ નથી. વધુમાં કર્મચારી વળતર વિમા પોલીસીની શરત હેઠળ અકસ્માત થતા વીમા કંપનીને નોટીસ આપવી જરૂરી છે જે આ કામે આપેલ નથી. તેથી સામાવાળા વીમા કંપની કોઈપણ રકમ ચુકવવા માટે જવાબદાર નથી. વધુમાં સામાવાળા નં.૧ એ વેતન રજીસ્ટર જેવા દસ્તાવેજો રજુ કરેલ ન હોય, તેથી વીમા કંપની કોઈપણ વળતર ચુકવવા માટે જવાબદાર થતા નથી. વધુમાં (એ) પોલીસીના નિયમો અને શરતો મુજબ માલીક દ્વારા હાલના સામાવાળાને અકસ્માત વિશે કોઈ મૌખીક અથવા લેખીત સુચના આપેલ નથી કે કલેઈમ ફોર્મ મોકલેલ નથી. (બી) અરજદાર વ.કો અધિનિયમની વ્યાખ્યા કર્યા મુજબ કર્મચારી અથવા 'કામદાર' ની વ્યાખ્યામાં આવતો નથી અને અરજદાર અને સામા.નં.૧ વચ્ચે નોકર અને માલીકનો

કોઈ સંબંધ નથી. વધુમાં હાલની અરજી પ્રીસ્ક્રાઈબ્ડ ફોર્મમાં ન હોય રદ થવા પાત્ર છે.વધુમાં રેકર્ડ પરથી એવુ જણાય છે કે, સદર બસનો અકસ્માત થયેલ હોવાનુ જણાઈ છે પરંતુ અકસ્માત વખતે અરજદાર તથા બસના માલીક વચ્ચે નોકર માલીકના સબંધ હોવાનો કોઈ પુરાવો નથી. વધુમાં અકસ્માત સમયે અરજદાર બસના માલીક હતા જયારે સામાવાળા નં.૧ માલીક હતા નહી. વધુમાં અરજી પેરા–૬ મુજબ અરજદાર અરજીમાં જણાવ્યા મુજબ રૂા.૧૦,૦૦,૦૦૦/– કે અન્ય કોઈ વળતર મેળવવા હકકદાર નથી.વધુમાં વીમા કંપની વ્યાજ અને દંડનીની રકમ ચુકવવા માટે જવાબદાર નથી. વધુમાં અરજદાર તથા સામાવાળા નં.૧ એ હાલની અરજી મીલાપીપણામાં દાખલ કરેલ હોય, વીમા કંપની એમ.વી.એકટની કલમ –૧૭૦ ના લાભ લેવા માટે હકકદાર છે અને જો વાહનના માલીક કલેઈમ કરવામાં નિષ્ફળ જાય તો એમ.વી એકટની કલમ–૧૭૦ ની જોગવાઈ પણ લાગુ થશે. ઉપરોકત બાબતોને ઘ્યાનમાં રાખીને એવી રજુઆત કરેલ છે કે, અરજદારોનો દાવો ખર્ચ સાથે રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૪) અરજદાર તરફે નીચે મુજબના મૌખીક–દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**–: અરજદાર તરફે રજુ મૌખિક પુરાવાઓ:–**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર ભરતભાઈ હિંમતભાઈ ટાંકનું સરતપાસનું સોગંદનામુ | ૧૬ |

**–: અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ:–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારના આધારકાર્ડની નકલ. | ૧૮ |
| ૨ | અરજદાર દ્વારા આપવામાં આવેલ નોટીસની ઝેરોક્ષ. | ૧૯ |
| ૩ | સામાવાળાને નોટીસ બજી ગયાની એકનોલોજમેન્ટની ઝેરોક્ષ. | ૨૦ |
| ૪ | ફોર્મ નં.૩ ની નકલ. | ૨૧ |
| ૫ | અંતીમ રીપોર્ટની નકલ. | ૨૨ |
| ૬ | કેસ દાખલ કરવા અંગેની અરજીની નકલ. | ૨૩ |
| ૭ | પોલીસ કાર્યવાહીનો રીપોર્ટની ઝેરોક્ષ. | ૨૪ |
| ૮ | એફ.આઈ.આરની નકલ. | ૨૫ |
| ૯ | સ્થળ રોજકામ નકસા સાથેની ઝેરોક્ષ. | ૨૬ |
| ૧૦ | એમ.વી.એકટ ક.૧૩૩ મુજબ નોટીસની ઝેરોક્ષ. | ૨૭ |

| | | |
|---|---|---|
| ૧૧ | એમ.વી.એકટ ક.૧૩૪ મુજબ નોટીસની ઝેરોક્ષ. | ૨૮ |
| ૧૨ | મેકેનીકલ રીપોર્ટની ઝેરોક્ષ. | ૨૯ |
| ૧૩ | નોટીસ(એમ.વી.એકટ મુજબ)ની ઝેરોક્ષ. | ૩૦ |
| ૧૪ | નોટીસ(એમ.વી.એકટ મુજબ)ની ઝેરોક્ષ. | ૩૧ |
| ૧૫ | રાજસ્થાન સરકારી દવાખાનાનો રીપોર્ટની ઝેરોક્ષ. | ૩૨ |
| ૧૬ | રાજસ્થાન સરકારી દવાખાનાનો રીપોર્ટની ઝેરોક્ષ. | ૩૩ |
| ૧૭ | આર.સી.બુકની ઝેરોક્ષ. | ૩૪ |
| ૧૮ | લાયસન્સની નકલ(અરજદારના) | ૩૫ |
| ૧૯ | વિમા પોલીસીની નકલ. | ૩૬ |
| ૨૦ | લગેજ વાહનની પરમીશનનુ ફોર્મ | ૩૭ |
| ૨૧ | ગાડીની પીયુસીની નકલ. | ૩૮ |
| ૨૨ | રાજસ્થાન સરકારી દવાખાનાના રીપોર્ટની નકલ. | ૩૯ |
| ૨૩ | હીનાબેનની પાવર ઓફ એર્ટનીની નકલ. | ૪૦ |
| ૨૪ | રાજસ્થાન સરકારી દવાખાનાનો રીપોર્ટની ઝેરોક્ષ. | ૪૧ |
| ૨૫ | વાય.એન. હોસ્પિટલના ડીસ્ચાર્જ સર્ટી.(રાજસ્થાન) | ૪૨ |
| ૨૬ | એમ.એલ.સી. સર્ટીફીકેટની નકલ. | ૪૩ |
| ૨૭ | કેસ રીપોર્ટની નકલ. | ૪૪ |
| ૨૮ | દવાના બીલો | ૪૫ |
| ૨૯ | ડીસેબીલીટી સર્ટીફીકેટની નકલ. | ૪૬ |

**(૫)** અરજદાર તરફે આંક–૪૭ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

**(૬)** સામાવાળા નં.૧ તરફે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ નથી.

**(૭)** સામાવાળા નં.૧ તરફે આંક–૪૮ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

**(૮)** સામાવાળા નં.૨ તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

**(૯)** સામાવાળા નં.૨ તરફે આંક–૪૯ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

**(૧૦)** આ કામે અરજદારના વિ.વ.શ્રી આર.એમ.મકવાણાએ મૌખીક દલીલો કરેલ છે જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે.

**(૧૧)** સામાવાળા નં. ૧ નાઓ તરફે કોઈ હાજર ન હોય કે કોઈ રીપોર્ટ કે રજુઆત કરેલ ન હોય તેથી તેમની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૨) આ કામે સામાવાળા નં.ર ના વિ.વ.શ્રી પી.વી.વાઢેરએ મૌખીક દલીલો કરેલ છે જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે.

(૧૩) આ કામે અરજદારની અરજી, સામાવાળાઓ તરફે રજુ જવાબ તથા રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવા લક્ષમાં લઈ વળતર અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ આંક–૧૯ થી અંગ્રેજીમાં ઘડવામાં આવેલ છે. જેનુ ટ્રાન્સલેશન નીચે મુજબ છે.

(૧) શુ અરજદાર પુરવાર કરે છે કે, અકસ્માત સમયે અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે કામદાર માલીકના સંબંધો હતા ?

(૨) શુ અરજદાર પુરવાર કરે છે કે તેઓની નોકરીની ફરજ દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત થયેલ છે ?

(૩) અકસ્માત સમયે અરજદારની ઉંમર–૪પ વર્ષ તથા માસીક પગાર રૂા.૪,પ૦૦/– હતો ?

(૪) શુ અરજદાર પુરવાર કરે છે કે અકસ્માતના કારણે અરજદારને ર૧.૬% લેખે કાયમી અપંગતા કે ખોડ આવેલ છે.

(પ) શુ અરજદાર પુરવાર કરે છે કે કામદાર વળતર અધિનિયમની જોગવાઈઓ મુજબ અરજદારને સામાવાળાઓ વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે ? જો હા, તો કેટલી રકમ ?

(૬) શુ અરજદાર પુરવાર કરે છે કે સામાવાળાઓ અરજદારને વળતર ઉપરાંત પેનલ્ટી અને/અથવા વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે ?

(૭) શું આખરી હુકમ ?

(૧૪) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા તારણો અને કારણો નીચે મુજબ છે.

**મુદા નં. ૧** :– હકારમાં,

**મુદા નં. ૨** :– હકારમાં,

**મુદા નં. ૩** :– અંશત: હકારમાં, અરજદારની ઉંમર ૪પ વર્ષ
માસીક પગાર રૂા.૪,ર૧પ/–

**મુદા નં. ૪** :– અંશત: હકારમાં, ૧૧% અરજદારની કાયમી ખોડ.
તથા ૧૧% કમાવાની શકિતમાં ઘટાડો

**મુદા નં. ૫** :– અંશત: હકારમાં, અરજદાર સામાવાળાઓ પાસેથી સંયુકત તથા વિભકત રીતે વળતરની રકમ રૂા.૪૭,૧૩૭/–

**મુદા નં. ૬** :– નકારમાં

**મુદા નં.૭** :– આખરી હુકમ મુજબ

**– : : કારણો : : –**

**(૧૫) મુદા નં. ૧ અને ૨ :–**

આ કામે મુદા નં.૧ થી ૨ ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બીન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે. વધુમાં આ મુદાઓ જોવામાં આવે તો, એ બાબત નકકી કરવાની થાય છે કે, અરજદાર સામાવાળા નં.૧ ના કામદાર હતા કે કેમ ? તથા અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે નોકર–માલીકનો સબંધ હતો કે કેમ ? અને અરજદારને નોકરીના સમય દરમ્યાન અને નોકરીમાંથી ઉત્પન્ન થયેલ અકસ્માતને કારણે ઈજાઓ થવા પામેલ કે કેમ ? આ કામે અરજદાર તરફે તેમની આંક–૧ ની અરજીના સમર્થનમાં આંક–૧૬ થી સોગંદ ઉપરની જુબાનીમાં તેઓએ આંક–૧ માં જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. જયારે સામાવાળા નં.૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે ''તે વાત ખરી નથી કે, હુ સામાવાળા નં.૧ નો ડ્રાઈવર તરીકે કામ કરતો ન હતો. તે વાત ખરી નથી કે, સામાવાળા નં.૧ કોઈ પગાર આપતા ન હતા. તે વાત ખરી નથી કે, સામાવાળા નં.૧ નાએ ડ્રાઈવીંગના કામે મોકલેલા હોય અને એકસીડન્ટ થયેલ હોય તેવુ બનેલ નથી. તે વાત ખરી નથી કે, મોટી વળતરની રકમ મેળવવા માટે ખોટો કેસ કરેલો છે. તે વાત ખરી નથી કે, હાલના કેસના સમર્થનમાં મે ખોટુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરી ખોટી જુબાની આપુ છુ.'' જયારે સામાવાળા નં.૨ વીમા કંપની તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે ''અકસ્માત થયેલ ત્યારે મારી પાસે ડ્રાઈવીંગ લાયસન્સ હતુ અને હાલ પણ મારી પાસે ડ્રાઈવીંગ લાયસન્સ છે. મે અકસ્માત બાદ ત્રણ વખત ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરાવેલુ. તે વાત ખરી નથી કે, મને ડ્રાઈવીંગમાં કોઈ તકલીફ પડતી નથી અને પહેલાની જેમ ડ્રાઈવીંગ કરી

શકુ છુ. તે વાત ખરી નથી કે, મે મારા સોગંદનામામાં ઉંમર, આવક તથા ઈજાની હકીકત ખોટી જણાવેલી છે. તે વાત ખરી નથી કે, મારી આવકમાં અકસ્માત બાદ કોઈ ઘટાડો થયેલ નથી. તે વાત ખરી નથી કે, મને કોઈ કાયમી ખોડ રહી જવા પામેલ નથી.'' આ સિવાય અરજદાર તરફે અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી. જયારે સામાવાળા નં.૧ તથા નં.ર તરફે કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી. એ રીતે અરજદાર તરફે તેમની દલીલોમાં અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે કામદાર માલીકના સબંધો હોવાનુ અને તેમની ડ્રાઈવરની ફરજ દરમ્યાન અકસ્માત થતા ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે. જયારે સામાવાળા નં.૧ તરફે વાંધા જવાબ કે મૌખિક પુરાવો રજુ કરી કોઈ તકરાર રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. જયારે સામાવાળા નં.ર તરફે તેઓની દલીલમાં અરજદાર માંગ્યા મુજબની કોઈ રકમ મેળવવા હકકદાર થતા ન હોવાનુ જણાવેલ છે. આમ, સામાવાળા નં.૧ તરફે અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે કામદાર માલીકના સબંધો બાબતે તથા અરજદારની ડ્રાઈવરની ફરજ દરમ્યાન અકસ્માત થયેલ હોવા બાબતે ઉલટ તપાસ સિવાય અન્ય કોઈ તકરાર લીધેલ નથી. સામાવાળા નં.૧ તરફથી કોઈ જવાબ પણ રજુ થયેલ નથી. તેવી જ રીતે સામાવાળા નં.ર વીમા કંપની તરફે અરજદારે જણાવેલ વિગતોથી વિરૂઘ્ધની કોઈ હકીકતો, મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વધુમાં અરજદાર તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતા, અરજદાર તરફે આંક–ર૪ થી આંક–ર૬ સુધી રજુ પોલીસ કાર્યવાહીનો રીપોર્ટ, એફઆઈઆરની નકલ તથા સ્થળ રોજકામ નકશા સાથેની નકલ તથા આંક–૪ર થી રજુ વાય.એન. હોસ્પીટલના ડીસ્ચાર્જ સર્ટીફીકેટની નકલ તથા આંક–૪૩ થી રજુ એમ.એલ.સી. સર્ટીફીકેટ વંચાણે લેતા,ફરીયાદી તા.૩૦/૪/૧૦ ના રોજ ૧૧:૩૦ વાગ્યાની આસપાસ મકરાના ચૌરાહા પહેલા પુલીયા પાસે તેમની સાઈડમાં ધીરે ધીરે ટ્રક ચલાવી જતા હતા ત્યારે જયપુર તરફથી એક બસ નં.જીજે–૧૪–ટી–૪૪૯ ખુબ જ ઝડપભેર આવી ટકકર મારતા અરજદારને ગંભીર ઈજા થતા તેઓને પ્રથમ ગર્વમેન્ટ વાય.એન. હોસ્પીટલ કિશનગઢ(રાજસ્થાન) દવાખાને સારવાર આપવામાં આવેલ ત્યારબાદ વધુ સારવાર સરકારી દવાખાના જુનાગઢમાં લીધેલ હોવાનુ સ્પષ્ટપણે માની શકાય તેમ છે. તેવી જ રીતે અરજદાર તરફે રજુ કરેલ આંક–૩૬ ની બનાવવાળા બસની વીમા પોલીસીની નકલ

તેમજ આંક–૩૪ ની બનાવવાળા બસની આર.સી.બુક તથા આંકઅ૩૭ થી રજુ થયેલ બસની પરમીટ તેમજ આંક–૩૮ ના બસના પી.યુ.સી.ની નકલ વંચાણે લેતા, બનાવવાળા બસના માલીક સામાવાળા નં.૧ હિનાબેન વી. કરાણીયા હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, સામાવાળા નં.૧ તરફે અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે કામદાર માલીકના સબંધો બાબતે તથા અરજદારની ડ્રાઈવરની ફરજ દરમ્યાન અકસ્માત થયેલ હોવા બાબતે કોઈ જવાબ રજુ કરી તકરાર લીધેલ નથી. વધુમાં ઉપરોકત દસ્તાવેજો લક્ષમાં લેતા, અરજદાર અકસ્માત સમયે સામાવાળા નં.૧ ની બસના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે અકસ્માત થતા સારવાર લીધેલાનુ સ્પષ્ટપણે પુરવાર થાય છે. તેવી જ રીતે સામાવાળા નં.ર વીમા કંપની તરફે અરજદારે જણાવેલ વિગતોથી વિરૂધ્ધની કોઈ હકીકતો, મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. એ રીતે ઉપરોકત તમામ મૌખિક તથા દસ્તાવેજી લક્ષમાં લેતા, અકસ્માતમાં સંડોવાયેલ બસ નં.જીજે.૧૪.ટી.૪૪૯ ના માલીક સામાવાળા નં.૧ હોવાનુ તથા સદર બસમાં આ કામના અરજદાર ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોવાનુ જણાય આવે છે અને જયારે સામાવાળા નં.ર વીમા કંપની તરફે અરજદારે જણાવેલ વિગતોથી વિરૂધ્ધની કોઈ હકીકતો, મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ન હોય ત્યારે અરજદારની હકીકતો ન માનવાને કોઈ કારણ નથી.આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓ ધ્યાને રાખતા તથા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અરજદાર સામાવાળા નં.૧ ના બસમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોવાનું અને નોકરીની ફરજ દરમ્યાન અકસ્માત થયેલ હોવાનું સ્પષ્ટપણે માની શકાય તેમ છે. ત્યારે ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં.૧** અને **મુદા નં.ર** નો જવાબ **હકારમાં** ઠરાવવામાં આવે છે.

(૧૬) <u>**મુદા નં.૩ અને ૪ :–**</u>

આ કામે મુદા નં.૩ અને ૪ ની હકીકતો પરસ્પર એક બીજા સાથે સંકળાયેલી હોય તેનુ બીન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે. હવે ઉપરોકત મુદા નં.૧–ર અરજદાર પુરવાર કરવામાં સફળ નિવડેલ છે ત્યારે અરજદારને કેટલા ટકા કાયમી ખોડ રહી જવા પામેલ છે અને અકસ્માત સમયે અરજદારની શું ઉંમર હતી? અને તેનો માસિક પગાર કેટલો હતો? તે અંગે ચર્ચા કરીએ તો

<u>ઉમર :–</u>

આ કામે અરજદારે તેમની આંક–૧ ની અરજીમાં અકસ્માતના બનાવ સમયે તેમની ઉમર ૪૫ વર્ષની હોવાનું જણાવેલ છે જ્યારે સામાવાળાઓ તરફે અરજદારની ઉમર અંગે ઉલટ તપાસમાં કોઈ તકરાર લેવામાં આવેલ નથી. વધુમાં અરજદાર તરફે રજુ આંક–૧૮ થી રજુ આધારકાર્ડમાં અરજદારની જન્મ સને ૧૯૬૪ દર્શાવેલ છે જ્યારે આંક–૩૫ વાળુ અરજદારનુ ડ્રાઈવીંગ લાયસન્સ જોતા જન્મ તા.૧૭/૮/૧૯૬૪ હોવાનુ જણાઈ આવે છે. વધુમાં અરજદારને થયેલ અકસ્માતનો બનાવ તા.૩૦/૦૪/૨૦૧૦ના રોજ બનેલ છે. તે લક્ષમાં લેતા અરજદારની અકસ્માત સમયે **ઉમર ૪૫ વર્ષ** હોવાનું સ્પષ્ટપણે રજુ પુરાવા ઉપરથી જણાઈ આવે છે.

<u>પગાર:–</u>

આ કામમાં અરજદાર તરફે આંક–૧ ની અરજીના સમર્થનમાં આંક–૧૬ થી સોગંદ ઉપરની જુબાનીમાં સામાવાળા નં.૧ ના બસ નં.જીજે.૧૪.ટી.૪૪૯ માં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા અને સામાવાળા નં.૧ તેઓને માસિક રૂા.૪,૫૦૦/– પગાર ચુકવતા હતા તેવી હકીકત સરતપાસમાં જણાવેલ છે જ્યારે સામાવાળા નં.૧ તથા નં.ર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદાર તેઓની સરતપાસને વળગી રહેલ છે. હવે આ કામે અરજદાર તરફથી માસિક રૂા.૪,૫૦૦/– પગાર તેને મળતો હતો તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી પરંતુ અરજદારની કામગીરીનો પ્રકાર તથા જે તે સમયના મોંઘવારીના દર ધ્યાને લેતા, અરજદારનો માસિક રૂા.૪,૫૦૦/– પગાર હોવાનુ માની શકાય તેમ નથી. વધુમાં પગાર અંગેના કોઈ પુરાવાના અભાવે રૂા.૪,૫૦૦/– પગાર મળતો હોવાનુ માની શકાય નહી પરંતુ જે તે સમયના લઘુતમ વેતન વળતર ચુકવતી વખતે ધ્યાને લેવા પડે. આ કામે હાલનો બનાવ તા.૩૦/૪/૨૦૧૦ ના રોજ બનેલ છે તે સમયનો ઝોન–ર નો પ્રવર્તમાન સ્કીલ્ડ મીનીમમ વેજીસ રૂા.૧૬ર–૧૦ પૈ. હતો તેને ર૬ દીવસ લેખે ગણતરી કરીએ તો અરજદાર રૂા.૪,ર૧૪–૬૦ પૈ. આવક મેળવતા હોવાનુ માની શકાય છે. આવા સંજોગોમાં અરજદાર રૂા.૪,૫૦૦/– પગાર મેળવતા હોવાનુ માની શકાય નહી. વધુ વર્કમેન કમ્પનસેશન એકટ–૧૯ર૩ ના કાયદા અને તેમાં થયેલ સુધારા અંગેની ચર્ચા આ તબકકે કરવી જરૂરી છે. સદરહું કાયદાને છેલ્લે

સને–૨૦૦૯ માં સુધારવામાં આવેલ અને તેનો અમલ તા.૧૮/૧/૧૦ ના રોજથી કરવામાં આવેલ અને તે મુજબ કાયદાનું નવું નામ 'વર્કમેન કમ્પનસેશન એકટ' ની જગ્યાએ 'એમ્પ્લોઈઝ કમ્પનસેશન એકટ' કરવામાં આવેલું તથા જુના કાયદાની કલમ–૪ માં જે માસીક પગારની મર્યાદા વળતરની ગણતરી માટે રૂા.૪,૦૦૦/– સુધીની કરવામાં આવેલી હતી તે અંગેની સમજુતી રદ કરીને તેની જગ્યાએ કલમ–૪ માં પેટા કલમ–૧(બી) દાખલ કરવામાં આવેલ અને તે મુજબ માસીક પગાર અંગે કેન્દ્ર સરકાર નોટીફીકેશન ધ્વારા રકમ નકકી કરશે તેવી જોગવાઈ કરેલ છે તથા S.0.1258(E) તા.૩૧/૫/૨૦૧૦ ના રોજ નોટીફીકેશન ધ્વારા માસીક પગારની મર્યાદા વળતરની ગણતરી માટે રૂા.૮,૦૦૦/– ની કરવામાં આવેલ છે. હાલના કેસમાં અરજદારના કથન મુજબ અકસ્માતનો બનાવ તા.૩૦/૪/૨૦૧૦ ના રોજ બનવા પામેલ છે. તે સંજોગોમાં દેખીતી રીતે સને ૨૦૧૦ પછીના કાયદાની જોગવાઈઓ હાલના કેસમાં લાગુ પડશે. એ રીતે ઉપરોકત તમામ મૌખિક તથા દસ્તાવેજી લક્ષમાં લેતા, અરજદારની અકસ્માત સમયે માસીક આવક **રૂા.૪,૨૧૫/–** ઠરાવવામાં આવે છે. આમ,ઉપરોકત ચર્ચા અંતે **મુદા નં.૪** નો જવાબ આથી '**અંશત: હકાર**' માં ઠરાવવામાં આવે છે.

**<u>કાયમી ખોડ:–</u>**

આ કામમાં અરજદાર તરફે આંક–૧ ની અરજીના સમર્થનમાં આંક–૧૬ થી સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને સામાવાળા નં.૧ ની ચાલુ ફરજ દરમ્યાન નડેલ ગંભીર અકસ્માતના કારણે ઈજાવાળી જગ્યાએ ઓપરેશન કરી સળીયા ફીટ કરેલ છે અને જેથી કાયમી ખોડ રહી ગયેલ છે જેથી ભવિષ્યમાં ડ્રાઈવીંગ કરી શકે તેમ ન હોવાનુ સોગંદ ઉપર જણાવેલ છે. જયારે અરજદારની સામાવાળાઓ તરફે આ મુદે કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદાર તેઓએ જણાવેલ હકીકતને વળગી રહેલ છે. જયારે સામાવાળાઓ તરફે અરજદારે જણાવેલ વિગતોથી વિરૂધ્ધની કોઈ હકીકતો, મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ, ઉપરોકત હકીકત તથા રેકર્ડ ઉપર પુરાવો ધ્યાને લેતા, અરજદાર તરફે રજુ આંક–૪૬ ના ડો.એમ.એમ.દોલકીયાનુ ડીસેબીલીટી સર્ટીફીકેટ મુજબ આ કામના અરજદારને ૨૧.૬% બોડી એઝ એ વ્હોલ કાયમી ખોડ હોવાનુ દર્શાવેલ

છે. સદર ડોકટરને આ કામે તપાસવામાં આવેલ નથી. અરજદાર તરફે આંક–૪૬ થી ડો.એમ. એમ. દોલકીયાનુ ડીસેબીલીટી સર્ટીફીકેટ ૨૧.૬% નુ રજુ થયેલ છે જેના ૧૧% કાયમી ખોડ ગણી સદર કાયમી ખોડના સર્ટીફીકેટને આંકે પાડવાનો અરજદાર તથા સામાવાળા નં.૧–૨ ના વકીલશ્રી તરફે શેરો કરતા ૧૧% ડીસેબીલીટી ગણવાની શરતે આંકે પાડેલ છે. આમ, આંક–૪૬ વાળા ડીસેબીલીટી સર્ટીફીકેટ તથા તેમાં અરજદારનો તથા સામાવાળા નં.૧–૨ નો શેરો લક્ષમાં લેતા અરજદારને ૧૧% કાયમી ખોડ થયેલ હોય જેથી ૧૧% દિઠ કમાવવાની ક્ષમતામાં ઘટાડો આવેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. આમ, અરજદારને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ કુલ કાયમી ખોડ ૧૧% રહી જવા પામેલ હોવાનું રજુ પુરાવાથી પુરવાર થાય છે. આમ અરજદારને અકસ્માતના બનાવમાં ૧૧% કાયમી ખોડ અને તેટલા જ પ્રમાણમાં કમાવવાની ક્ષમતામાં ઘટાડો થયેલ હોવાનું રજુ પુરાવાથી અરજદાર પુરવાર કરવામાં સફળ રહેલ છે. ઉપરોકત ચર્ચાના અંતે મુદા **નં.૩ થી ૪** નો જવાબ **અંશત: હકારમાં** આપુ છુ.

**(૧૭) <u>મુદા નં.૫ :–</u>**

આ કામે મુદા નં.૫ ની હકીકત જોવામાં આવે તો, અરજદાર સામાવાળાઓ પાસેથી વળતર મેળવવા હકકદાર બને છે કે કેમ ? તે જોવાનું રહે છે. આ કામે સદર મુદા નં.૫ પરત્વે કામદાર વળતર ધારાની જોગવાઈનો ઉલ્લેખ કરવો જરુરી હોય જે નીચે મુજબ છે.

**<u>કલમ–૩ વળતર આપવા માટેની માલિકની જવાબદારી:–</u>**

(૧)કોઈ કામદારને તેની કામગીરીમાંથી અને તે દરમ્યાન થતા અકસ્માતથી શારીરિક ઈજા થાય તો તેનો માલિક આ પ્રકરણની જોગવાઈઓ અનુસાર વળતર આપવા માટે જવાબદાર રહેશે.

પરંતુ–

(એ) જેથી ત્રણથી વધુ દિવસની મુદત માટે તે કામદારને પુરી અથવા આંશિક અશકતતા નીપજે નહીં એવી કોઈ ઈજા અંગે.

(બી) (૧) અકસ્માત થતી વખતે તે કામદાર દારૂના અથવા કેફી પદાર્થના નશામાં હોવાને કારણે અથવા

(૨) કામદારોની સલામતી જાળવવા માટે સ્પષ્ટ રીતે આપેલા હુકમના અથવા સ્પષ્ટ રીતે કરેલા નિયમોનો કામદારે જાણીબુઝીને કરેલા અનાદરને કારણે અથવા

(૩) કામદારોની સલામતી જાળવવા માટે જેની જોગવાઈ કરવામાં આવી હોવાનો પોતે જાણતો હોય ને સેફટી ગાર્ડ અથવા બીજુ સાધન, કામદારે જાણી બુઝીને દુર કર્યુ હોવાને લીધે અથવા તેના પ્રત્યે દુર્લક્ષ કર્યુ હોવાને કારણે,

સીધી રીતે થયેલા મનાય એવા અકસ્માતથી થયેલી ઈજા હોય(પરંતુ જેનાથી મૃત્યુ નીપજ્યું ન હોય)અથવા સંપૂર્ણ કાયમી અશકતતા થઈ ન હોય એવી કોઈ ઈજા અંગે માલીક એ રીતે જવાબદાર રહેશે નહી.

ઉપરોકત કાયદાની જોગવાઈ વંચાણે લેતા કામદાર ધારા અન્વયે જયારે કોઈ કામદારનો ચાલુ ફરજ દરમ્યાન અકસ્માત થાય તો વળતર ચુકવવાની જવાબદારી માલીકની થાય છે તે મુજબ હાથ ઉપરના કેસમાં આ કામના અરજદારે અરજીની હકીકતો મૌખિક દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે વધુમાં અરજદારની પોતાની બેદરકારી કે સલામતી જાળવવા માટેના સ્પષ્ટ માટે આપેલા હુકમના કે નિયમોનો કામદારે જાણીબુજીને અનાદર કરવાના કારણે કે સેફટી માટેના સાધનો જાણીબુજીને દુર કરેલા હોય કે તે પ્રત્યે દુર્લક્ષ સેવેલ હોય કે કેફી પદાર્થનું સેવન કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી ત્યારે અરજદાર વળતર મેળવવા હકકદાર થાય છે. હવે સામાવાળા નં.૧ એ સામાવાળા નં.ર પાસેથી તેઓના બસ નં.જીજે.૧૪.ટી.૪૪૯ નો વીમો તા.ર૦/૧૧/ર૦૦૯ ના રોજ લીધેલ હોવાનું જણાઈ આવે છે જે વીમા પોલીસીનુ પ્રીમીયમ ભર્યાની નકલ અરજદાર તરફે આંક–૩૬ થી રજુ કરેલ છે જે લક્ષમાં લેતા સદર પોલીસી સામાવાળા નં.૧ ના નામે આવેલ છે જે જોતા સામાવાળા નં.૧ એ સામાવાળા નં.ર પાસેથી વીમા પોલીસી લીધેલ હોવાનું સ્પષ્ટપણે નિકળી આવે છે. વળી, સામાવાળા નં.ર તરફે વીમા પોલીસી લીધેલ ન હોવાની તકરાર લીધેલ નથી. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના તમામ સામાવાળાઓની અરજદારના અકસ્માત વળતર ચુકવવાની જવાબદારી થાય છે. હવે અરજદાર કેટલુ વળતર મેળવવા હકકદાર થાય છે તે અંગે કામદાર વળતર ધારાની જોગવાઈ અનુસાર વળતરની રકમની ગણતરી કરતી વખતે કામદારની ઉંમર, કામદારની અકસ્માત સમયે માસીક પગારની આવક લક્ષમાં લેવાની હોય છે ઉપરોકત અગાઉ કરેલ ચર્ચા મુજબ જયારે અરજદાર સામાવાળા નં.૧ ના કામદાર હોવાનું તેમજ તેમની નોકરીના સમય દરમ્યાન અકસ્માત થતા ઈજા થયેલાની હકીકત પુરવાર થતી હોય, તેથી નીચે મુજબની વિગતે વળતરની ચર્ચા કરવાની થાય છે.

(૧૮) <u>વળતર અંગેની ચર્ચા :–</u>

આ કામમાં અરજદારે તેમને થયેલ ઈજા, ઉંમરનુ ફેકટર, પગારની ગણતરી

વગેરે ધ્યાને લઈ આંક–૧ ની અરજીમાં તથા આંક–૧૬ ના પુરાવાના સોગંદનામામાં રૂા.૧૦,૦૦,૦૦૦/– તથા પેનલ્ટી અને વ્યાજ સહિતની માંગણી કરેલ છે. અગાઉ કરેલ ચર્ચા મુજબ અરજદારની અકસ્માત વખતેની ઉંમર, માસીક પગાર, તેઓને કમાવવાની શકિતમાં થયેલ ઘટાડાનો દર તથા લાગુ પડતા કાયદા અનુસંધાને કલમ–૪(૧)(સી) મુજબ ગણતરી કરવામાં આવે તો......

**રૂા.૪,૨૧૫/–** ના **૬૦%** ગણતા રૂા.૨,૫૨૯/– થાય અને તેને અરજદારની ઉંમર કે જે ઉપર ચર્ચા કરી મુજબ **૪૫ વર્ષ** હતી તે મુજબ તેને લાગુ પડતા શીડયુઅલ–૪ ના રીલેવન્ટ **ફેકટર ૧૬૯.૪૪** સાથે ગુણતા રૂા.૪,૨૮,૫૧૪/– થશે તથા અરજદારની કમાવવાની શકિતમાં **૧૧%** ઘટાડો થયેલાનું ઠરાવેલ હોઈ, તે સંજોગોમાં અરજદાર ઉપરોકત વિગતે **રૂા.૪૭,૧૩૭/– (અંકે રૂપિયા સુડતાલીસ હજાર એકસો સાડત્રીસ પુરા)** વળતર પેટે સામાવાળાઓ પાસેથી સંયુકત તથા વિભકત રીતે મેળવવા હકકદાર બને છે. જેથી મુદા નં.૫ નો જવાબ ''અંશત:હકાર'' માં આપુ છુ.

(૧૯) **મુદા નં.૬ :–**

આ કામે મુદા નં.૬ મુજબ સામાવાળાઓએ વળતરની રકમ ચુકવવામાં બેદરકારી દાખવેલ છે કે કેમ? અને કયા સામાવાળાઓ અરજદારને પેનલ્ટી અને વ્યાજ કેટલુ ચુકવવા જવાબદાર થાય છે? તેની ચર્ચા કરીએ તો અરજદાર તરફે હાલની અરજી દાખલ કરતા અગાઉ તેઓને હાલની અરજી દાખલ કરવામાં થયેલ ૧૩ વર્ષ ૪ મહીના અને ૧૫ દીવસનો વિલંબ માફ કરવા વ.કો.પરચુ.અરજી નં.૧૬/૨૦૨૩ દાખલ કરવામાં આવેલ જે કામે થયેલ તા.૨/૫/૨૦૨૪ ના રોજ થયેલ હુકમ મુજબ અરજદાર અકસ્માત તારીખથી અરજી દાખલ કર્યા તારીખ સુધી વ્યાજ અને પેનલ્ટીની રકમ મેળવવા હકકદાર થશે નહી તે શરતે હાલની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવાનો હુકમ કરવામાં આવેલ. વધુમાં અરજદાર તરફે આંક–૪૭ ની પુરસીસથી તેઓ સામાવાળાઓ સામે પેનલ્ટીનો હકક જતો કરતા હોવાનુ જાહેર કરેલ છે ત્યારે ઉપરોકત હકીકત લક્ષમાં લેતા, સામાવાળાઓ સામે કોઈ વ્યાજ કે પેનલ્ટીનો હુકમ કરવામાં આવતો ન હોય, તે સંજોગોમાં **મુદા નં.૬** પરત્વેનો જવાબ ''**નકાર**''માં ઠરાવવામાં આવે છે. વધુમાં હવે જયારે અરજદાર હાલનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ હોઈ, તે સંજોગોમાં ખર્ચ

આખરી નિર્ણયને અનુસરે તે સિધ્ધાંત મુજબ તેઓ હાલના કેસની કાર્યવાહીનો ખર્ચ પણ સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર બને છે. જેથી સામાવાળાઓ હાલની કાર્યવાહી ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/– અરજદારને ચુકવવાના થાય છે. આમ, ઉપરોકત મુદા નં.૧ થી ૬ માં કરેલ વિગતવાર કરેલ ચર્ચા લક્ષમાં લેતા **મુદા નં.૭** પરત્વે નીચે મુજબની આખરી હુકમ કરવામાં આવે છે.

**– : : હુ ક મ : : –**

(૧) આ કામના અરજદારનો નોન ફેટલ કેસ આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર સામાવાળાઓ પાસેથી સંયુકત અને વિભકત રીતે તેઓને થયેલ અકસ્માત ઈજાના વળતરની રકમ **રૂા.૪૭,૧૩૭/– (અંકે રૂપિયા સુડતાલીસ હજાર એકસો સાડત્રીસ પુરા)** વસુલ મેળવવા હકકદાર બનતા હોવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૩) વધુમાં આ કામે સામવાળાઓ સામે કોઈ વ્યાજ કે પેનલ્ટીનો હુકમ કરવામાં આવતો નથી.

(૪) વધુમાં અરજી ખર્ચની રૂા.૫,૦૦૦/– સામાવાળાઓએ અલગથી અરજદારને ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના સામાવાળાઓએ ઉપરોકત હુકમ મુજબની વળતર તથા અરજીના ખર્ચેની તમામ રકમ હુકમની જાણ થયે દિન.૩૦ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૪મી માહે મે સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૧૪/૦૫/૨૦૨૫

**(નાગદાનભાઈ કે. ડાભી)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ (સી.ડી.) લેબર કોર્ટ,
જુનાગઢ. (જીજે.૦૧૦૩૦)